# પૂ. દિલીપદાસજી મહારાજ ગાંધીનગરના મહેમાન બન્યા



ગાંધીનગર, તા.૨૪

અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરના મહંત પૂ.દિલીપદાસજી મહારાજ આજે ગાંધીનગરના સે.૨સી ખાતે પધાર્યા હતા. ગાધીનગર શહેર વસાહત મહાસંઘના મહામંત્રી રાજેન્દ્ર પારેખના જન્મદિને તેમના નિવાસસ્થાને મહારાજ દ્વારા પધરામણી કરાવવામાં આવી હતી. આ પ્રસંગે સે.૨૨ના પંચદેવ મંદિરના પૂ. ફુલશંકર શાસ્ત્રીજી પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે રાજેન્દ્ર પારેખના પરિવારે મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કરી પુજાઅર્ચના કરી મહંત શ્રીઓના આશીર્વાદ લીધા હતા. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલા અને સંસ્થાના હોદેદારોએ રાજેન્દ્ર પારેખના જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને ફુલછડી તથા શાલ ઓઢાડી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

# ગૌ મિત્ર મંડળના ઢોર ડબ્બામાં સુધારા બાબતે સૂચનો

**ગૌમાતાને નીરણ કરવા આવતા ગૌસેવકોને રોકવા નહીં : જગ્યા વધારવા અને બિમાર ગૌમાતા માટે પૌષ્ટિક આહાર અને ક્રેઈન ઘોડીની વ્યવસ્થા કરવા સૂચન**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સેક્ટર-૩૦માં મ્યુનિસિપલ કૉર્પોરેશન જે ઢોર ડબ્બો છે તેમાં પાંજરે પુરાવામાં આવેલી ગૌ માતાની દયનીય સ્થિતિ અંગે પ્રકાશિત થયેલા અહેવાલોને પગલે મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. આ મુદ્દે શહેરમાં ગૌ મિત્ર મંડળના નેજા હેઠળ ઢોર ડબ્બાની સુધારણા અંગે કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે જે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યાં છે.


આ સૂચનોમાં ઢોર ડબ્બામાં ગૌમાતા અને બીજા પશુઓને પડી રહેલી તકલીફોને નિવારવા સુધારા સૂચવાયા છે જે અનુસાર ગૌમાતાને ભોજન(નીરણ) આપવા આવતા ગૌ સેવકોને રોકવામાં નહીં, બિમાર ગૌ માતા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે, બિમાર ગૌમાતા માટે મહેકમ (સ્ટાફ ) વધારવો, ગૌમાતાને ખોરાકમાં બાજરી, રજકો અથવા જુવારનું કૂણું ઘાસ આપવામાં આવે અને જો તે ઉપલબ્ધ ના હોય તો જે ઘાસ આપાવામાં આવે તે કટિંગ કરીને આપવામાં આવે તેમજ બિમાર ગાય માટે કપાસ ખોળપાપડીનો ખોરાક આપવામા આવે, ગૌમાતા માટે દરેક ગમાણમાં સિંધાલુણ મીઠુ રાખવામાં આવે તેવા સિચનો કરાયા છે.

આ સાથે બિમાર ગૌમાતાને ઉભી કરવા માટે બે ક્રેઈન ઘોડી રાખવા, દરેક ગમાણમાં ગૌમાતા માટે પંખાની વ્યવસ્થા કરવા, ઘાસચારો રાખવા માટે મોટું ગોડાઉન બનાવવા, દરરોજ સાફસફાઈ થાય તે માટે યોગ્ય વ્યવસ્થા કરવી, ઢોર ડબ્બામાં ખુલ્લી જગ્યામાં આરસીસી ફ્લોરિંગ કામ કરાવવું જેથી ગારો - કીચડ કે ગંદકી ન થાય અને હાલ ઢોર ડબ્બામાં ૧૨૦૦ ગૌમાતા માટે જગ્યા નાની પડે છે, તો બીજી મોટીજગ્યાની વ્યવસ્થા કરવા સૂચન કરાયું છે.

# જો ભગવાનનું નામ જીભ પર આવી ગયું તો સમજો ભગવાન તમારા જીવનમાં આવી ગયા

**પુષ્પદંતજી મહારાજ દ્વિધામાં છે કે, શિવમહિમ્નસ્તોત્રમાં ભગવાન શિવના નિર્ગુણ સ્વરૂપનું ગાન કરવું કે સાકાર-સગુણ સ્વરૂપનું ગાન કરવું?**

ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ એટલે સત્-ચિત્-આનંદ સ્વરૂપ. સત્ એટલે નિત્ય જ્ઞાન. ચિત્ એટલે ચૈતન્ય સ્વરૂપ અને આનંદ એટલે આનંદ સ્વરૂપ. નિર્ગુણ સ્વરૂપ અવ્યક્ત છે, એ જોઈ શકાતું નથી. નિર્ગુણ સ્વરૂપ ઈન્દ્રિયોથી પણ પર છે, એટલે નિર્ગુણ સ્વરૂપનું શબ્દો દ્વારા વર્ણન સંભવ નથી. શબ્દ દ્વારા એનું જ વર્ણન સંભવ છે; જેને જાતિ,



ગુણ, ક્રિયા કે સંબંધ હોય. નિર્ગુણ સ્વરૂપના વર્ણનમાં ઈન્દ્રિય, વાણી કે મન કામ આપતું નથી. પુષ્પદંત મહારાજ કહે છે, ભગવાન શિવનો મહિમા વાણી અને મનથી પર છે.

શ્રુતિ એટલે શાસ્ત્ર. સાંભળવાથી જે પ્રાપ્ત થાય તે શ્રુતિ. વેદ શ્રવણ પરંપરાથી આપણા સુધી પહોંચ્યા છે, એટલે વેદને શ્રુતિ શાસ્ત્ર કહે છે. વેદ કહે છે, જે પરમાત્મા કે બ્રહ્મ નથી તે બધું જ અવગણીને પછી જે વધ્યું, તેને નિર્ગુણ તત્વ સમજો. એટલે પુષ્પદંતજી મહારાજ કહે છે, કે નિર્ગુણ સ્વરૂપની સ્તુતિ કેવી રીતે થાય? તો વળી સગુણ સ્વરૂપની સ્તુતિ પણ કેવી રીતે કરવી? કારણકે સમસ્ત બ્રહ્માંડ, સમગ્ર વિશ્વ ભગવાન શિવનું સ્વરૂપ છે. ભગવાનનું સગુણ સ્વરૂપ અનંત છે, તેની કોઈ સીમા નથી. આવા વિરાટ સ્વરૂપનું વર્ણન કેવી રીતે શક્ય છે ? હરિ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોત્રી ... સદાશિવના નિર્ગુણ સ્વરૂપનું વર્ણન પણ શક્ય નથી અને સગુણ સ્વરૂપનું પણ વર્ણન શક્ય નથી. નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કરવા શબ્દનું કામ નથી અને સગુણ સ્વરૂપનું વર્ણન કરવા માટે શબ્દો પુરા થતા નથી.

પુષ્પદંતજી મહારાજ આ સમસ્યાનું સમાધાન કરતાં ત્રીજા સ્વરૂપનું વર્ણન કરે છે. ઈશ્વર જ્યારે જ્યારે આ સૃષ્ટિ પર અવતાર ધારણ કરે છે, ત્યારે તે અવતાર સ્વરૂપને 'અર્વાચીન સ્વરૂપ' કહેવાયું છે. પુષ્પદંતજી કહે છે, ઈશ્વર જુદા જુદા અવતાર એટલા માટે ધારણ કરે છે કે બધા જીવ તેમની નિકટ આવી શકે. પ્રભુ પોતાના ભક્તોની સમીપ છે એવો અનુભવ કરાવવા માંગે છે. કોઈપણ ક્ષેત્રમાં મહાન હોય એવો પુરુષ પણ પોતાના ઘરમાં, પોતાના બાળક પાસે બાળક બનીને જ રહે છે. ભગવાન શિવ પણ સમસ્ત જગતના પિતા છે, એટલે તે અવતાર ધારણ કરીને જીવની નિકટ આવીને વસે છે. પુષ્પદંતજી કહે છે, હું ભગવાનની લીલાઓનું વર્ણન કરીશ.

પુષ્પદંતજી મહારાજ ત્રીજા શ્લોકમાં કહે છે, હે બ્રહ્મન! આપે જ તો પરમ અમૃત વાણીનું નિર્માણ કર્યું છે. વેદ અપૌરુષેય છે. એ પરમાત્માના નિઃશ્વાસમાંથી પ્રગટ થયા છે, અનાયાસ પ્રગટ થયા છે. પરમાત્માનું જ્ઞાન અનાયાસ છે. આ વેદવાણી એ મધજરતી વાણી છે. વેદમંત્રો સાંભળવામાં પણ સુંદર લાગે છે અને એના અર્થ પણ સુંદર છે. હે શિવ! આવી અમૃતરૂપ વાણીના નિર્માણકર્તા આપ જ છો.

જો દેવોના ગુરુ બૃહસ્પતિ સ્તુતિ કરે, તો પણ તમે વિસ્મિત નહિ થાઓ. બૃહસ્પતિ ને પણ વાણી પ્રદાન કરનાર આપ જ છો. હે ત્રિલોચન, હે ભષ્માંગસુંદર, હે નીલકંઠ, હે ગંગાધર, હે ત્રિપુરારી, હે પાર્વતી વલ્લભ...આવા તમામ સર્વનામ-ઉપનામ આપના માટે પ્રયોજીએ તો પણ અમારી વાણી આપને આશ્ચર્યચકિત કરી શકવાની નથી.

કોઈ વ્યક્તિને પોતાની જાત વિશે, પોતાની આવડત કે સિદ્ધિઓ વિશે ખ્યાલ હોય તો તેના કોઈ કેટલા પણ વખાણ કરે તો તેને વિસ્મય થતું નથી કે તે હરખઘેલો થતો નથી કે કોઈ તેની ટીકા કરે તો પણ એ નિરાશ થતો નથી, ત્યાં હેરાન થવાની કોઈ વાત જ આવતી

**શિવમહિમ્નસ્તોત્ર પ્રવચન શ્રેણી બીજો દિવસ**

નથી. તો આ તો ભગવાન છે. ભગવાનને પોતાની સમર્થતા વિશે પૂરી જાણકારી છે. કોઈ જીવના વખાણ કરીએ તો એ ફુલાઈ જાય, તેને ગલગલીયા થાય. આ તો ભગવાન છે. એને કોઈ વિસ્મય કે કોઈ મનોરંજન થવાનું નથી.

પુષ્પદંતજી કહે છે કે, હું આપની સ્તુતિ આપને વિસ્મય પમાડવા કે આપના મનોરંજન માટે કરતો નથી. હું એટલા માટે આપના ગુણગાન ગાઉ છું કે મારી વાણી આપના ગુણગાન ગાઈને પવિત્ર થઈ જાય. વાણી પવિત્ર થાય અને શુદ્ધ થાય એ માટેનો મારો આ પ્રયત્ન છે. મારી વાણી આપના શબ્દનો સ્પર્શ પામીને પવિત્ર થશે. જેમ કોઈપણ ઝરણું ગંગામાં ભળ્યા પછી પવિત્ર થઈ જાય છે એમ મારી વાણી પણ આપના ગુણગાન ગાઈને પવિત્ર થઈ જશે. પ્રભુ, આપનું નામ પાવનકારી છે.

મનુષ્યના જીવનમાં વાણીની શુદ્ધિ, હસ્તની શુદ્ધિ, ક્રિયાની શુદ્ધિ અને મનની શુદ્ધિ જરૂરી છે. આપણી વાણીમાં અનેક દોષ હોય છે. આપણે કારણ વિના જૂઠું બોલીએ છીએ. કારણ વિના કોઈને કષ્ટ આપીએ છીએ. કારણ વિના કોઈની મજાક કરીને દુઃખ પહોંચાડીએ છીએ. ક્યારેક અતિશયોક્તિ કરીએ છીએ, તો ક્યારેક અલ્પોક્તિ કરીને દોષ વ્હોરીએ છીએ. આ બધા વાણીના દોષ છે. પ્રભુના નામનું કથન અને ઉચ્ચારણ વાણીની શુદ્ધિ માટે મહાન ઉપાય છે.

આપણા અંતરમાં ભગવાનનું નામ નિરંતર ચાલુ રહેવું જોઈએ. ભગવાનનું નામ જીભ પર અને મનમાં સતત ગુંજતું રહેવું જોઈએ. તમને જે પણ ભગવાન ગમતા હોય; કામ કરતાં કરતાં એ ભગવાનના નામનું રટણ સતત ચાલુ રાખો. ઉઠો ત્યારે ભગવાનનું નામ લેવું. સુતા પહેલાં ભગવાનના નામનો જપ કરો. જીવનને પ્રભુમય કરવાનો આ મહાન ઉપાય છે. પ્રભુના નામ-સ્મરણથી અંતર નિર્મળ થતું જાય છે. ભગવાન પ્રત્યેનો ભરોસો વધતો જાય છે. જીવનમાં ભગવાનનું નામ અપનાવો. જો ભગવાનનું નામ જીભ પર આવી ગયું તો સમજો ભગવાન તમારા જીવનમાં આવી ગયા. સતત નામ જપથી વાણી, અંતર અને સમસ્ત જીવન શુદ્ધ થાય છે. સ્વયં ભગવાન શિવ કહે છે કે, જો કોઈ ત્રણ વખત મહાદેવ, મહાદેવ, મહાદેવ... એમ ઉચ્ચારણ કરે, તો પહેલા ઉચ્ચારણ વખતે જ હું પ્રસન્ન થઈ જાઉં છું અને બીજા બે ઉચ્ચારણ માટે તો હું મારા ભક્તનો ઋણી રહું છું. કામ કરતાં કરતાં રામ-રામ બોલવાથી કામ અટકી જવાનું નથી. એના માટે કોઈ અલગથી પુરુષાર્થ કરવો પડતો નથી. ભગવાનનું નામ પકડી લો, તમારા જીવનમાં ઉમેરી દો, તો જીવનમાં શુદ્ધિ આવશે. પ્રભુ તમારો માર્ગ સુધારશે . પ્રભુનામ જીવનને સાત્વિક બનાવી દે છે, સંસારને અને આ જગતને જોવાની તમારી દ્રષ્ટિ બદલી દે છે.

# સીવીલ ખાતે સ્ટેટ વેકસીન સ્ટોરમાં વોક ઈન કુલર પ્લાન્ટના ઉપયોગનો શુભારંભ થયો

**સીવીલ હોસ્પીટલ ગાંધીનગર ખાતે વધુ ૧૨૦૦૦ લિટર એટલે કે ૩૦ લાખ વેક્સીનના ડોજ સાચવવાની સગવડ ઉભી થઈ**



ગાંધીનગર, તા. ૨૪

સીવીલ હોસ્પીટલ ગાંધીનગર ખાતે આવેલા સ્ટેટ વેકસીન સ્ટોરમાં ફોસ્ટર કંપનીનાં વોક ઈન કુલર પ્લાન્ટમાં વેક્સીન રાખી ઉપયોગ માં લેવાનો શુભારંભ કરાયો.જેનાથી વધુ ૧૨૦૦૦ લિટર / ૩૦ લાખ વેક્સીનના ડોજને સાચવવાની સગવડ ઉભી થઈ.

આ વોક ઈન કુલર પ્લાન્ટની કિંમત અંદાજે ૧૦ લાખ રૂપિયાની છે, વોક ઈન કુલર પ્લાન્ટમાં વેક્સીનનો જથ્થો યોગ્ય તાપમાનમાં જળવાય છે,તેમજ વેક્સીન સ્ટોર ખાતે તમામ પ્રકારની વેક્સીનો જેવીકે પોલિયો , બીસીજી ,ઓરી ,ધનુર,ઉટાટિયું ,ત્રિગુણી તેમજ પંચગુણી ,રોટા ,ઝેરી કમળો તેમજ હડકવાની રસી સાચવવામાં આવે છે.અહીંથી ગુજરાત રાજ્યની તમામ હોસ્પિટ્લો માટે જુદા જુદા જીલ્લા અને કોર્પોરેશનને આ સાચવેલ સ્ટોકમાંથી રસી ફાળવવામાં આવે છે.વેક્સીન સ્ટોર વોક ઈન કુલરનાં શુભારંભ ડો.એન .પી.જાની અધિક નિયામક (પ.ક.) ગાંધીનગર, .ડો. એસ. કે. મકવાણા વિભાગીય નાયબ નિયામકશ્રી ગાંધીનગર, ડો. કમલેશ પરમાર સ્ટેટ ઈમ્યુનાઈજેશન ઓફિસર ગાંધીનગર, ડો.સ્નેહલ પરમાર સ્ટેટ ઈમ્યુનાઈજેશન કન્સલ્ટંટ યુનિસેફ દ્વારા કરવામાં આવેલ આ પ્રસંગે વેક્સીન સ્ટોર ના તમામ કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ ખાતે યોજાયેલા 'શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ'નું સમાપન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના અડાલજ ખાતે શિવ પુરાણ પરમાર્થ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી



સાધુબેલા તીર્થના સંયુક્ત ઉપક્રમે તા.૧૮ થી ૨૨ જુલાઈ એમ પાંચ દિવસ દરમિયાન 'શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં ગત તા.૧૮/૦૭/૨૦૨૩ના રોજ અંબાજી મંદિરથી પોથીયાત્રા યોજાઈ હતી. જે ગામના વિવિધ વિસ્તારોમાં ફરી હતી તેમાં સાધુ- સંતો,મહંતો અને મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત જોડાયા હતા. પોથીયાત્રાનું સાધુબેલા તીર્થ ખાતે સામૈયું કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. શિવ પુરાણ પ.પુ.શ્રી સરસ્વતીબેન શાસ્ત્રી દ્વારા પાંચ દિવસ કથાનુંરસપાન કરાવવામાં

**શિવ પુરાણ પરમાર્થ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી સાધુબેલા તીર્થના સંયુક્ત ઉપક્રમે કરાયું હતું આયોજન**

આવ્યું.તેમાં પાર્વતી જન્મ,શિવ વિવાહ જેવા પ્રસંગોની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કથા દરમ્યાન આમંત્રિત સાધુ, સંતો, મહંતોના આશીર્વાદનો લાભ મળ્યો હતો.

કથામાં તુલસી અને બીલીના છોડનુંવિતરણ કરવામાં આવ્યું હતું અને પાંચમાં દિવસે મહાઆરતી બાદ અંદાજે ૭૦૦ જેટલા શિવ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મોકલવા આપણી સંસ્કૃતિ નથી : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી આજે ભાવનગરના સરદારનગર સ્થિત સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે પારિતોષિક વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અભ્યાસ સહિતના વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને પારિતોષિક અને




પ્રમાણપત્ર આપી રાજ્ય પાલશ્રીએ તેમને પ્રોત્સાહિત કર્યા હતા. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમના સંબોધનમાં ભારતની પ્રાચીન ગુરૂકુળ પરંપરાની વિશેષતાઓ વિશે વાત કરી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ તેમના સંબોધનમાં કહ્યું હતું કે, એક સમયે ભારતની શિક્ષણ પરંપરા સમગ્ર વિશ્વમાં પ્રચલિત હતી. તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા અને વલ્લભી વિદ્યાપીઠમાં વિદેશથી વિદ્યાર્થીઓ અભ્યાસ અને જ્ઞાન પ્રાપ્ત કરવા આવતા હતા. એક વિદ્યાપીઠમાં દસ - દસ હજાર વિદ્યાર્થીઓ રહેતા અને અભ્યાસ કરતા. આજે ઘણી જગ્યાએ જોવા મળે છે કે, યુવાન સંતાનો તેમના વૃદ્ધ માતા - પિતાને વૃદ્ધાશ્રમમાં મોકલે છે, આ આપણી સંસ્કૃતિ નથી. રાજ્યપા લશ્રીએ કહ્યું હતું કે, આધુનિક સાયન્સ અને ટેક્નોલોજીનો અભ્યાસ પણ જરૂરી છે. તેની સાથે આધ્યાત્મ અને આપણા જીવનનો ઉદ્દેશ્ય પણ સમજાવા જોઈએ. ભારતીય ગુરૂકુળ પરંપરા વિશે વધુ વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, બાળકોને સંસ્કારિતાની ભઠ્ઠીમાં તપાવી સભ્ય અને જવાબદાર નાગરિક બનાવવા માટે આપણા ગુરુકુળ કાર્ય કરતા હતા. જેમ અર્જુનને માછલીની આંખ જ દેખાતી હતી તેવી લક્ષ્યસિધ્ધિ આપણી ગુરુકુળ પદ્ધતિની દેન હતી.

મહાન સંસ્કારિતા, વિદ્યાપૂર્ણતા અને બળવાન શરીર એ ગુરુકુળ પરંપરાના મુખ્ય ત્રણ કાર્યબિંદુ હતા.

# સંપત્તિ મળી ગયા પછી ચાર દીકરાઓએ વિધવા માતાને રસ્તે રઝળતી કરી..!!

**અજાણ્યા રાહદારીએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનને જાણ કરી : જોકે ચારેય સંતાનોને ક્ષમા કરી માતાએ વૃદ્ધાશ્રમમાં આશરો મેળવ્યો**

ગાંધીનગર, તા. ૨૪

માતા એટલે જીવનદાતા જ નહીં પરંતુ સંતાનનું જીવન ઘડતર કરનારી શિલ્પી હોય છે અને તેથી જ કહેવાયું છે કે "એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે." માતાનો મહિમા જેટલો ગવાય એટલો ઓછો છે પરંતુ આજના કળિયુગમાં એવાં પણ સંતાનો જોવા મળે સીજે જેઓ થોડીક સંપત્તીની લાલચમાં સગી જનેતાને રસ્તે રઝળતી મુકતા વાર નથી કરતાં. આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં ગાંધીનગરના સંપન્ન પરિવારના ચાર ચાર દીકરાઓએ બે મકાનો અને જમીન પચાવી પાડી વૃદ્ધ માતાને રસ્તે રઝળતી કરી દીધી છે. પંદર વર્ષથી વિધવા જીવન વિતાવતી ૮૫ વર્ષની વયોવૃદ્ધ વયે વૃદ્ધાની થયેલી કફોડી હાલત જોઈ એક રાહદારીનું હૃદય દ્રવી ઊઠયું અને તેણે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક સાધ્યો પરંતુ જ્યાં અભયમની ટીમે કપાતાર સંતાનો સામે પોલીસ કાર્યવાહીની વાત કરતાં જ નિરાધાર માટે પોતાના ચારેય સંતાનોને ક્ષમા કરી પોતાને વૃદ્ધાશ્રમમાં આશરો આપવા વિનંતી કરી હતી.

એક માતાનો આવો ત્યાગ અને નાલાયક સંતાનો પ્રત્યેનો સ્નેહ નિહાળી અભયમની ટીમ પણ ભાવુક થઈ જવા પામી હતી.

ગાંધીનગરના એક ૮૫ વર્ષીય પરિણીત મહિલા જેમનું પિયર ભાવનગર છે. આ વૃદ્ધાને લગ્નજીવનથી પાંચ સંતાનો જેમાં ચાર દીકરા અને એક દીકરી છે અમે તેમણે પાંચેય સંતાનોનાં ઉછેરમાં કોઈ કચાશ રાખી નહોતી. દંપતીએ જીવનમાં અથાક મહેનત કરી બે મકાનો - જમીન સહિતની સંપત્તિ પણ વસાવી હતી અને પાંચેય સંતાનોને ઉછેરી તેમને ધામધૂમપૂર્વક પરણાવ્યા હતા. ૧૫ વર્ષ પહેલાં પતિના ગુજરી ગયા બાદ વૃદ્ધાની હાલત કફોડી થઈ હતી. માતા-પિતાએ એકઠી કરેલી સંપત્તિ હાથમાં આવી ગયા બાદ ચારેય પુત્રો-પુત્રવધુઓને અશક્ત માતા બોજ લાગવા લાગી અને ચારેય પુત્રવધૂમાંથી એકેય વૃદ્ધાની કાળજી રાખવાની દરકાર કરતી નહીં. સંપત્તિ માટે પુત્રો-પુત્રવધૂઓ વૃદ્ધાને માનસિક ત્રાસ આપવા લાગ્યાં હતાં. એટલે સુધી કે જમવાનું આપવાનું પણ બંધ કરી દીધું હતું. સાસરે વળાવેલી દીકરી પોતાની માતાને સાસરે તો લઈ ગઈ આખરે નાછૂટકે દીકરીને વૃદ્ધ માતાને પરત ગાંધીનગર મૂકી દેવાની ફરજ પડી હતી. જોકે એક મહિના પહેલાં દીકરાઓએ માતાને તરછોડી દેતા તે નિઃસહાય હાલતમાં કલોલ વિસ્તારમાં રસ્તે રઝળતા થઈ ગયા હતા. આ દરમિયાન એક રાહદારીની નજર વૃદ્ધા પર પડી અને વૃદ્ધાની દયનીય સ્થિતિ જોઈને ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનને જાણ કરી હતી. જેના પગલે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનની ટીમ વૃદ્ધા પાસે પહોંચી જઈ જરૂરી પૂછતાછ કરી હતી, પરંતુ વૃદ્ધાવસ્થાના કારણે તેમને ઘરનું સરનામું પણ યાદ નહોતું. પણ ચારેય દીકરાનાં નામ યાદ હતાં. આથી અભયમની ટીમ વૃદ્ધાનાં દીકરાઓને શોધવા સોશિયલ મીડિયાનો સહારો લીધો હતો અને ફેસબુકના માધ્યમથી ફોટો બતાવતા જ વૃદ્ધાએ તેના દીકરાને ઓળખી લીધો હતો. બાદમાં અભયમ મહિલા હેલ્પ લાઈનની ટીમે વૃદ્ધાના દીકરાનો ટેલિફોનિક સંપર્ક કર્યો હતો. જોકે કપાતર દીકરાએ માતાને લઈ જવાની ઘસીને ના પાડી દીધી હતી. ઉપરાંત અન્ય ભાઈઓના સંપર્ક નંબરો આપવાનો પણ ઈન્કાર કરી દઈ ફોન કાપી નાખ્યો હતો. અભયમની ટીમે ચારેય સંતાનો સામે પોલીસ કાર્યવાહી કરવા માટે વૃદ્ધાને સમજ આપી હતી, પરંતુ પોતે લાચાર સ્થિતિમાં હોવા છતાં માતાએ ચારેય પુત્રોને માફ કરવા કહેતા અભયમની ટીમે આનંદબા વૃદ્ધાશ્રમ ખાતે આશરો અપાવ્યો હતો.

# માણસા તાલુકાના બાપુપુરા ગામ ખાતે સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ- ૨૦૨૩નો લોન્ચીંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

સ્વચ્છ ભારત મિશન ( ગ્રામીણ ) યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરા ગામ ખાતે સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૩નો લોન્ચીંગ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું લોન્ચીંગ કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ અને ગ્રામ વિકાસ રાજય મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે ગ્રામ વિકાસ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારત દેશ ગામડનો બનેલો છે. ગામડ દેશની કરોડરજ્જુ સમાન છે. જો ગામડ સ્વચ્છ, સુંદર અને સમૃદ્ધ બનશે તો દેશ પણ સુંદર, સમૃદ્ધ બનશે અને તેથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છતા એ જ પ્રભુતા'ના વિચારમંત્રને ચરિતાર્થ કરવા અને શહેર - ગામડાંઓને સ્વચ્છ અને રળિયામણાં બનાવવા રાષ્ટ્રવ્યાપી સ્વચ્છ ભારત મિશન અભિયાન ઉપાડયું છે. તેમણે ઉમેર્યું હતું કે, આ 'સ્વચ્છ ભારત મિશન'ને સફળ બનાવવા દેશમાંથી પ્રચંડ જનભાગીદારી અને જનસમર્થન મળી રહ્યું છે, જેનાથી 'સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ના બીજા તબક્કાને અને ખુલ્લામાં શૌચાલય મુક્ત ભારત બનાવવાના અભિયાનને ગતિ મળી છે.સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અભિયાનમાં ગુજરાતભરમાંથી તમામ ગ્રામીણજનો સ્વયંભૂ જોડાયા છે. તેથી જ સમગ્ર દેશમાં ગુજરાતમાં સ્વચ્છતા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘન અને પ્રવાહી કચરાનો નિકાલ, સુકો અને ભીનો કચરો અલગ કરી તેના યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થાઓ ગુજરાતના ગામે ગામ કરવામાં આવી છે. આ કચરામાંથી ખાતર બનાવવા માટેની પણ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ઉમેર્યું હતું કે, 'સ્વચ્છ ભારત મિશન'ના બીજા તબક્કામાં થયેલ કામગીરીનું સર્વેક્ષણ અને મુલ્યાંકન માટે તા. ૧૫ જુલાઈ થી તા. ૧૫ ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ ૨૦૨૩" અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

**ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત**

# 'વરસાદ ભીંજવે' કાર્યક્રમમાં 'પોતપોતાની તરસ' સાથે કવિઓ-ગાયકો વરસશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સાહિત્ય અકાદમી, એચ. કે. આર્ટસ કોલેજ અને આશુતોષ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત જાણીતા ગઝલકાર અશોક ચાવડા 'બેદિલ' સંપાદિત પુસ્તક 'પોતપોતાની તરસ' (સુપ્રસિદ્ધ કવિ ડૉ. હર્ષદેવ માધવની કવિતાઓ) વિમોચન સમારોહ તા. ૨૭-૭-૨૦૨૩ ને ગુરુવારે સાંજે ૬.૦૦ કલાકે એચ. કે. કૉલેજ સભાગૃહ આશ્રમ રોડ ખાતે યોજાયો છે. પુસ્તકનું વિમોચન વિખ્યાત વક્તા અને સુખ્યાત સાહિત્યકાર ભાગ્યેશ જહા કરશે. જાણીતા શિક્ષણવિદ સુભાષ બ્રહ્મભટ્ટ અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અતિથિવિશેષ હશે. જાહેર જનતાને નિમંત્રણ છે.

'વરસાદ ભીંજવે' કાર્યક્રમ અંતર્ગત જાણીતા ગાયિકા માયા દીપક અને ડૉ. કૃતિ મેઘનાથી કાવ્યગાન કરશે.

જાણીતા કવિ રમેશ ચૌહાણ, મનીષ પાઠક, રક્ષા શુક્લ, વ્રજેશ મિસ્ત્રી, જિગર ઠક્કર કાવ્યપાઠ કરશે. સુપ્રસિદ્ધ કવિ હરદ્વાર ગોસ્વામી સંચાલન કરશે. અશોક ચાવડા અને હર્ષદેવ માધવ પ્રતિભાવ પાઠવશે. પ્રવેશ વિના મૂલ્યે રહેશે.